trajkot@guj.bhaskarnet.com Divya Bhasker Pg-2 27-9-2007

## રાજકોટના વાઇલ્ડ લાઇફ કોન્ઝરવેટર ટ્રસ્ટ દ્વારા

# ગીર આસપાસના એક હજાર ખુલ્લા કૂવાને કાંઠા બંધાશે

### ૧૦૧ કૂવાની કાંઠા બાંધવાની કામગીરી બે માસમાં પૂર્ણ થશે

**ભાસ્કર ન્યૂઝ. રાજકોટ**

એશિયાટીક સિંહો માટેના વિશ્વના એકમાત્ર આશ્રયસ્થાન ગીર જંગલ આસપાસના ખુલ્લા કૂવાઓ ડાલામથ્થાઓ માટે મોતના કૂવા બની રહ્યા છે ત્યારે વાઇલ્ડ લાઇફ કોન્ઝરવેસન ટ્રસ્ટ દ્વારા આગામી એક વર્ષમાં આવા એક હજાર ખુલ્લા કૂવાઓને કાંઠા બાંધવા યોજના ઘડી રહ્યું છે.

સંસ્થાના હોદ્દેદારોના જણાવ્યા મુજબ ગીર જંગલની આસપાસ ૬ કિ.મી. વિસ્તારમાં ૮૭૭૮ ખુલ્લા કૂવાઓ છે. છેલ્લા છ વર્ષમાં સિંહ કૂવામાં પડી ગયો હોય તેવી ૪૭ જેટલી ઘટનાઓ અંતર્ગત ૨૪ સિંહોનાં મોત નીપજ્યા છે. ૨૩ સિંહોને જંગલખાતા દ્વારા બચાવી લેવાયા છે. આ ઉપરાંત અન્ય વન્ય પ્રાણીઓ જેવા કે દીપડાં, હરણ વગેરે કૂવામાં પડી જવાના પ્રસંગો વારંવાર બનતા હોય છે.

તેમના જણાવ્યા મુજબ કૂવાના કાંઠા બાંધવાનો ખર્ચ રૂ.૮૪૦૦ થી ૧૦,૦૦૦ સુધીનો થવા જાય છે. જે પૈકી રૂ.૪૦૦૦નો ખર્ચ વનવિભાગ ભોગવશે. જ્યારે



બાકીનો ખર્ચ સંસ્થા ભોગવશે.

ટ્રસ્ટના કિશોરભાઇ કોટેચાના જણાવ્યા મુજબ ટ્રસ્ટ દ્વારા કૂવાના કાંઠા બાંધવા માટે આરસીસી પાટિયા વાપરીને સારી અને ઓછા ખર્ચવાળી ડિઝાઇન બનાવાઇ છે જે રાજ્યના વનવિભાગ દ્વારા માન્ય કરાઇ છે. ટ્રસ્ટ દ્વારા હાલ ૧૦૦ ખુલ્લા કૂવાના કાંઠા બાંધવાની કામગીરી ધારી વિસ્તારના પાલિયા, સેન્ક્યુચરી વિસ્તારના કોટડા, પાલિપા, ચાંચઇ તથા દલખાણિયા ગામમાં હાથ ધરાઇ છે જે કામગીરી બે માસમાં પૂર્ણ કરાશે.

ટ્રસ્ટ દ્વારા બીટ ગાર્ડ લેવલની ઉત્તમ કામગીરી શાળાના વિદ્યાર્થીઓ દ્વારા ગીરની જાળવણી માટે યોગદાન સહિતના મુદ્દે એવોર્ડ આપવાની વિચારણા હાથ ધરાઇ છે. કામગીરી માટે ટ્રસ્ટની એક્ઝિક્યુટીવ સમિતિમાં રાજકોટ ઝૂ ના સુપ્રિન્ટેન્ડન્ટ ડો. મેઘજીભાઇ મારડિયા તેમજ વિમલ રાવલ, બાલેન્દુ વાઘેલા, તુષાર ગોકાણી તેમજ કમલેશ શાહ સતત કાર્યશીલ છે.